તા. ૦૫.૧૦.૨૦૨૪

દિવ્ય ભાસ્કર, પાના નં. ૦૬

# નવરાત્રિ સુધી મેટ્રો રાત્રે 2 સુધી દોડશે

**અમદાવાદ** । નવરાત્રિ દરમિયાન ખેલૈયાઓને સુવિધા પૂરી પાડવા મેટ્રો ફેઝ-1માં હવે રાત્રે 2 સુધી દોડશે. જીએમઆરસીના જણાવ્યા અનુસાર, 5 ઓક્ટોબરથી 11 ઓક્ટોબર સુધી પૂર્વ પશ્ચિમ કોરિડોરમાં વસ્ત્રાલથી થલતેજ સુધી તેમજ ઉત્તર દક્ષિણ કોરિડોરમાં એપીએમસીથી મોટેરા સુધીના રૂટ પર સવારે 6.20 વાગ્યાથી રાતે 2 વાગ્યા સુધી મેટ્રોનું સંચાલન થશે. જેમાં રાતે 10 વાગ્યા સુધી હાલમાં મેટ્રોનું સંચાલન દર 12 મિનિટે થાય છે જ્યારે રાતે 10 વાગ્યા બાદ મેટ્રોની સેવા દર 20 મિનિટે લોકોને ઉપલબ્ધ થશે. જ્યારે ફેઝ-1ના ચારેય ટર્મિનલ વસ્ત્રાલગામ, થલતેજ, એપીએમસી તેમજ મોટેરાથી રાતે 2 વાગે છેલ્લી મેટ્રો ઉપડશે.